O/c

adani
Ports and Logistics

AHPPL/DCF-Surat/183 Ha/ 142 /2019
તા.07/01/2019

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
સુરત વન વિભાગ,
સુરત

વિષય : Application for Diversion of 183 Ha. Forest Land of Village – Hazira & Suvali of Tal – Choryashi , Dist – Surat for Development of Port Back Up Facilities
સંદર્ભ : આપશ્રીના પત્ર ક્રમાંક ક/સર્વે/૧૭/૮૭૦–૭૧/૧૮-૧૯ તા. ૨૦.૧૧.૨૦૧૮

મે. સાહેબશ્રી,

સવિનય આપના ઉપરોક્ત વિષય તથા સંદર્ભવાળા પત્ર અન્વયે જણાવવાનુ કે;

(૧) આપના પત્રમાં જણાવેલ છે તેમ અમારી ઉપરોક્ત માંગણીવાળી જમીન સરકારશ્રી દ્વારા ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ ૪ હેઠળ જાહેર કરવામાં આવેલ છે અને જેના પ્રમોલગેશનની કામગીરી બાકી છે. આપશ્રી ને જણાવવાનુ કે આ જ કારણસર અમારી અરજી છેલ્લા આશરે ૫ વર્ષથી આગળ વધી શકી નથી તો આ કામગીરી ઝડપથી પુર્ણ કરવામાં આવે એવી અમારી નમ્ર અરજ છે.

(૨) વધુમાં આપના તા. ૧૬.૦૩.૨૦૧૮ વાળા પત્ર થી પુછવામાં આવેલ પ્રશ્ન અન્વયે જણાવવાનુ કે અમારા દ્વારા અગાઉ હજીરા પોર્ટને અડીને આવેલ ઘણી બધી જમીનો જેમાં જંગલ ખાતા તેમજ સરકારશ્રી પાસે હતી તેને પોર્ટના વિકાસની કામગીરી અર્થે ફાળવવા દરખાસ્તો કરવામાં આવી હતી. જંગલ ખાતા દ્વારા અમારી અરજીઓ આગળ ધપાવવામાં આવી રહી હતી. જ્યારે તે સમય દરમિયાન અમોને જાણ થઇ આવેલ કે સરકારશ્રી દ્વારા કેટલીક જમીનને જંગલ જમીન તરીકે જાહેર કરવામાં આવી છે. આથી, અમારી હજીરા પોર્ટના વિસ્તરણની કામગીરી અર્થે જમીનની જરૂરીયાત હોઇ અમારા દ્વારા ૧૮૩ હે. જંગલ જમીન ફાળવવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત રજુઆત ને ધ્યાને લઈને અમારી ૧૮૩ હે. જંગલ જમીન માગણી અંગે આગળની કાર્યવાહી ઝડપથી કરવા નમ્ર વિનંતી છે. આ પત્ર સાથે અમોને પરત કરવામાં આવેલ દરખાસ્તની છ (૬) પ્રત અત્રે આપને આગળની કાર્યવાહી અર્થે જમા કરાવીએ છીએ જેની નોધ લેવા નમ્ર વિનંતી છે.

આભાર સહ,
અદાણી હજીરા પોર્ટ પ્રા. લી. વતિ,

અધિકૃત અધિકારી

બીડાણ – ઉપર મુજબ દરખાસ્તના કુલ છ (૬) પ્રત
નકલ રવાના – મુખ્ય વન સંરક્ષકશ્રી, સુરત વર્તુળ, સુરત ને જાણ સારુ

નાયબ વન સંરક્ષક
સુરત વન વિભાગ, સુરત.

ટપાલ કારકુન
મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
સુરત વર્તુળ, સુરત.
વન ભવન, ગંગેશ્વર મહાદેવ રોડ,
શિવાજી ચોક, અડાજણ,
સુરત-૩૯૫૦૦૯.

Adani Hazira Port Pvt Ltd
At & Po Hazira
Choryashi
Surat 394 270
Gujarat, India
CIN: U4509GJ2009PTC058789

Tel +91 79 2656 5555
Fax +91 79 2555 5500
info@adani.com
www.adani.com

Registered office: Adani House, Nr. Mithakhali Circle, Navrangpura, Ahmedabad 380 009, Gujarat, India